RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૬૦ તા.ર –૩–૧ર
ફોન નં.ર૪ર૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી કાંતિભાઈ છગનભાઈ પટેલ
સામાવાળા :– ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ટાઉન પ્લાનીંગ

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતિભાઈ છગનભાઈ પટેલની તા. ૦૪–૦૧–૧રની અરજીથી મુદ્દા નં.(૧) મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૧(ડભોલી)માં નગર નિયોજક, સુરત મહાનગરપાલિકા, ટાઉન પ્લાનીંગ ખાતુ–સુરતનો પત્ર નં. ટીપીડી/૫૧/૩૪૮ તા. ૯–૧ર–ર૦૦૫ થી મુસદ્દારૂપ યોજનાની સૂચિત દરખાસ્તો અન્વયે સમજૂતી આપવા તથા સલાહ–સૂચનો લેવા બાબતે તા. ૧૭–૧ર–ર૦૦૫નાં રોજ જમીન માલિકો/ હિત ધરાવનાર વ્યકિતઓની રાખવામાં આવેલ સભામાં રજૂ કરવામાં આવેલ ડ્રાફટ પ્લાનની(ઝેરોક્ષ) પ્રમાણિત નકલ આપવા વિનંતી વિ.મુદ્દા નં.(૧)થી (ર)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.ર–૩–૧ર ની **SMC/FAP/** નં.૬૬૦/ર૦૧૧–૧ર

શ્રી કાંતિભાઈ છગનભાઈ પટેલની તા. ૦૪–૦૧–૧રની અરજીથી મુદ્દા નં.(૧) મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૧(ડભોલી)માં નગર નિયોજક, સુરત મહાનગરપાલિકા, ટાઉન પ્લાનીંગ ખાતુ–સુરતનો પત્ર નં. ટીપીડી/૫૧/૩૪૮ તા. ૯–૧ર–ર૦૦૫ થી મુસદ્દારૂપ યોજનાની સૂચિત દરખાસ્તો અન્વયે સમજૂતી આપવા તથા સલાહ–સૂચનો લેવા બાબતે તા. ૧૭–૧ર–ર૦૦૫નાં રોજ જમીન માલિકો/હિત ધરાવનાર વ્યકિતઓની રાખવામાં આવેલ સભામાં રજૂ કરવામાં આવેલ ડ્રાફટ પ્લાનની(ઝેરોક્ષ)ની પ્રમાણિત નકલ આપવા વિનંતી વિ.મુદ્દા નં. (૧) થી (ર)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ર–૩–૧ર ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૭ર તા. ૧૩–૩–૧રથી જાહેર માહિતી અધિકારી–ટાઉન પ્લાનીંગ તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી નારજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં./૯ તા. ૩–૪–૧રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૯૧૯ તા. ૬–૧–૧રથી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તથા નાયબ નગર નિયોજક(બી) તરફથી પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/ આ.નં./૫ તા. ર–૪–૧રથી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અજરદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૦૪–૦૧–૧રની અરજીથી મુદ્દા નં.(૧) મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૧ (ડભોલી)માં નગર નિયોજક, સુરત મહાનગરપાલિકા, ટાઉન પ્લાનીંગ ખાતુ–સુરતનો પત્ર નં. ટીપીડી/૫૧/ ૩૪૮ તા. ૯–૧ર–ર૦૦૫ થી મુસદ્દારૂપ યોજનાની સૂચિત દરખાસ્તો અન્વયે સમજૂતી આપવા તથા સલાહ–સૂચનો લેવા બાબતે તા. ૧૭–૧ર–ર૦૦૫નાં રોજ જમીન માલિકો/હિત ધરાવનાર વ્યકિતઓની રાખવામાં આવેલ સભામાં રજૂ કરવામાં આવેલ ડ્રાફટ પ્લાનની(ઝેરોક્ષ)ની પ્રમાણિત નકલ આપવા વિનંતી. (ર) હિત ધરાવતી વ્યકિતઓ તરફથી રજૂ કરવામાં આવેલ વાંધા અરજીઓની નકલો આપવા વિનંતી. તેવી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૧૯ તા. ૬–૧–૧રથી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય ન મળતા અરજદારે તા. ર–૩–૧રના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ પાસેથી પૂરક

વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫ તા. ૨–૪–૧૨થી નિયત સમય અવધિ બાદ " માંગ્યા મુજબની માહિતી અન્વયે મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૫૧(ડભોલી)ની પબ્લીક મીટીંગમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ નકશા તથા પબ્લીક મીટીંગ અન્વયે જમીન માલિકો/ હિત ધરાવનારાઓ તરફથી રજૂ કરવામાં આવેલ વાંધા–સૂચનોની અરજી અંગેના રેકર્ડની શોધખોળ અંગેની કાર્યવાહી ચાલુ હતી. જે રેકર્ડ ટાઉન પ્લાનીંગ ખાતે મળી આવેલ હોય, ટાઉન પ્લાનીંગના ઉપલબ્ધ રેકર્ડના અવલોકન અર્થે જરૂરી વિગતો સહિત ટાઉન પ્લાનીંગ કચેરીનો કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા વિનંતી છે. જેથી ટાઉન પ્લાનીંગના ઉપલબ્ધ રેકર્ડમાંથી તમારા દ્રારા માંગવામાં આવેલ માહિતી તેમને પૂરી પાડી શકાય." તેવું જણાવેલ. આમ, અરજદારને માહિતી અંગે રેકર્ડના અવલોકન સહિત માહિતી મેળવવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. પરંતુ અરજદારની અરજી ડ્રાફ્ટ પ્લાનની ઝેરોક્ષ નકલ તથા હિતધારક તરફથી રજૂ થયેલ વાંધાની નકલો મેળવવાની સ્વયં સ્પષ્ટ છે. જે દફતર મળ્યા બાદ આપવી રહે. તે અપાયેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨–૩–૧૨ ધ્યાને લેતાં ૩૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૪–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિમાં પુરી પડાયેલ ન હોય, આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ દફતરી વિગતે માંગ્યા મુજબ અરજદારને પુરી પાડવા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ટાઉન પ્લાનીંગ વિભાગને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ટાઉન પ્લાનીંગ....... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાંતિભાઈ છગનભાઈ પટેલ